


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭ | ૮ એપ્રિલ, ૨૦૨૧, ગુરૂવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોના વિકરાળ : નવા ૧.૧૫ લાખ કેસ

## કોરોનાના ૫૯,૮૫૬ દર્દી રિકવર થયા, ૬૩૦ લોકોના જીવ ગયા, સંક્રમણનો કુલ આંકડો વધીને ૧,૨૮ કરોડે પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૭

કોરોના વાયરસ મહામારીએ દેશમાં હવે ભયાનક રૂપ લેવાનુ શરૂ કરી દીધુ છે. બુધવારે કોરોના વાયરસના કેસ એક વાર ફરીથી એક લાખનો આંકડો પાર કરી ગયા. કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે બુધવારે જણાવ્યુ કે છેલ્લા એક દિવસમાં દેશના અલગ અલગ રાજ્યોમાં કોરોના વાયરસના ૧,૧૫,૭૩૬ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન કોરોનાના ૫૯,૮૫૬ દર્દી રિકવર થયા છે જ્યારે ૬૩૦ લોકોના જીવ ગયા છે. નવા દર્દી મળ્યા બાદ દેશમાં કોરોના વાયરસના સંક્રમણનો કુલ આંકડો વધીને ૧,૨૮,૦૧,૭૮૫ સુધી પહોંચી ગયો છે. જો કે, આમાંથી ૧,૧૭,૯૨,૧૩૫ દર્દી અત્યાર સુધી રિકવર પણ થઈ ચૂક્યા છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દૈનિક કેસોમાં સતત થઈ રહેલા વધારાને કારણે દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસ વધીને ૮,૪૩,૪૭૩ થઈ ગયા છે. વળી, કોરોના વાયરસ અત્યાર સુધીમાં ૧,૬૬,૧૭૭ લોકોનો જીવ લઈ ચૂક્યુ છે. કોરોનાના નવા જોખમને જોતા આરોગ્ય મંત્રાલયે લોકોને અપીલ કરી છે કે સોશિયલ ડિસ્ટંસીંગ અને માસ્ક સંબંધિત નિયમોનુ અનિવાર્ય રીતે પાલન કરે. આ સાથે જ આરોગ્ય મંત્રાલયે બધા રાજ્યોને કોરોના વાયરસનુ ટેસ્ટિંગ વધારવાનો પણ અનુરોધ કર્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૧,૧૫,૭૩૬ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧,૨૮,૦૧,૭૮૫ પર પહોંચી છે. જેમાંથી ૧,૧૭,૯૨,૧૩૫ લોકો રિકવર થયા છે. જ્યારે ૮,૪૩,૪૭૩ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. ભારત હવે એક્ટિવ કેસ મામલે વિશ્વમાં ચોથો સૌથી મોટો દેશ બની ગયો છે. એક વિશ્લેષણ મુજબ કોવિડ-૧૯ની બીજી લહેર પહેલી લહેર કરતા વધુ ઘાતક સાબિત થઈ રહી છે. દેશમાં એક જ દિવસમાં ૬૩૦ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૬૬,૧૭૭ પર પહોંચ્યો છે. આ બધા વચ્ચે હાલ દેશમાં રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલુ છે. જે હેઠળ અત્યાર સુધીમાં કુલ ૮,૭૦,૭૭,૪૭૪ લોકોને રસી આપવામાં આવી છે.

ભારતમાં કોરોના વાયરસ (ૐહિદ્ભ ફૈંજિ) નું સંક્રમણ ખુબ ઝડપથી વધી રહ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો.હર્ષવર્ધને મંગળવારે એ ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્વાસ્થ્યમંત્રીઓ સાથે બેઠક યોજી ત્યાં કોરોનાના કેસમાં પૂરપાટ ઝડપે વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન તેમણે કોવિડ-૧૯ના નવા કેસમાં અચાનક વૃદ્ધિ થવાના કારણોની પણ જાણકારી આપી.

### ટેલિફોનીક બેસણું



મારા ધર્મપત્નિ જ્યોત્સનાબા જસંવતસિંહ ભાટી
તા.૦૭-૦૪-૨૦૨૧ ને બુધવારના રોજ કોરોનાથી આકસ્મિક અવસાન થયેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરૂ.

સદ્દગતનું બેસણું / સુંવાળા તા.૦૯-૦૪-૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બારભાઈ નો વાસ, નવરાત્રી ચોક, મુ.પો.બાલવા, તા.માણસા, જી.ગાંધીનગર.

ભાટી જસંવતસિંહ ઈશ્વરસિંહ (પતિ)
(મો.૯૯૨૪૦ ૦૮૪૭૭)
ભાટી મહેન્દ્રસિંહ ઈશ્વરસિંહ
(મો.૯૯૨૪૦ ૫૫૩૬૩)
ભાટી દિવ્યરાજસિંહ મહેન્દ્રસિંહ
(મો.૮૧૪૦૧ ૩૭૪૯૩)
ભાટી દિગ્વિજયસિંહ જસંવતસિંહ (પુત્ર)

ભાટી ઈશ્વરસિંહ દાજીજી
ભાટી રામાજી દાજીજી
ભાટી બળવંતસિંહ રામાજી
ભાટી દિલિપસિંહ રતુજી
ભાટી અજીતસિંહ રતુજી
ભાટી પુષ્પરાજસિંહ મહેન્દ્રસિંહ

નોંધ : વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલિફોનીક બેસણું રાખેલ છે.








## સ્વ. મણીલાલ આર. પટેલ

(નિવૃત્ત આચાર્ય : આદર્શ આકરૂન્દ સરકારી પ્રા. શાળા)
સ્વ. તા.૦૮-૦૪-૨૦૦૬, શનિવાર
આકરૂન્દ, તા. ધનસુરા

# પૂણ્ય સ્મરણ

ભૂખ્યા કાજે ભોજન બનજો,
તરસ્યાનું જળ થાજો,
મારૂ જીવન અંજલી થાજો,
પોતાનું જીવન અંજલી બનાવીને અમોને સુપંથે
વાળનાર પવિત્ર આત્માને શત્..શત્ વંદન.

**૧૫મી વાર્ષિક પૂણ્યતિથિએ પાવન પ્રણામ...**

અમો..
સ્વ. ભીખીબેન મણીલાલ પટેલ



પ્રવિણ મણીલાલ પટેલ
(પ્રમુખ : શ્રી આકરૂન્દ કેળવણી મંડળ)
(કારોબારી અધ્યક્ષ : નગરપાલિકા, બાયડ)

રેખા પ્રવિણ પટેલ
ઋગ્વેદ પી. પટેલ
યજુર્વેદ પી. પટેલ

બાયડ, જિ. અરવલ્લી